**આંકઃ**

**આણંદના સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.આણંદ.**

**સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ સાથે
સે.કેસ નં.૨/૧૮ તથા ૫૨/૧૮**

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૩–૧૦–૨૦૧૭ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૩–૧૦–૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ | : | ૦૮–૧૧–૨૦૨૪ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૭ | ૦૦ | ૨૬ |

**સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના પક્ષકારોઃ**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રૂ દ્ધ**

**આરોપીઓઃ**
૧. બળવંતસીંગ સરદારસીંગ રાઠોડ
૨. નિલેશ ભારતસીંગ રાઠોડ
૩. સલીમખાન અહેમદખાન ઉર્ફે પ્રવિણસીંગ રાઠોડ
નં.૧ થી ૩ તમામ રહે.ઝાંખરીયા, સરવરનગર,
તા.જિ. આણંદ.
૪. મુસાભાઈ મીયાસાબ કાજી
રહે.નાપા, ગાના મેઘવા રોડ, શેરૂબાપુની દરગાહ પાસે,
તા. બોરસદ, જિ. આણંદ.
૫. સીકન્દર ઉર્ફે ભાણો જશુભા રાણા
રહે.નાપાવાંટા, નારપુરા રોડ,
તા. બોરસદ, જિ. આણંદ.
૬. કાળુભા ઉદેસીંહ રાણા
રહે.નાપાવાંટા, બાવાજી હરીભાઈના કૂવા ઉપર,
તા. બોરસદ, જિ. આણંદ.
૭. જગદીશભાઈ મંગળભાઈ પટેલ–**મરણ જતાં એબેટ**
રહે.ગાના, કે.ડી. હાઈસ્કૂલ પાસે,
તા. જિ. આણંદ.
૮. સુખદેવસીંગ ઉર્ફે પપ્પુ જોગીન્દરસીંગ મરોક (સરદાર)
રહે.બી/૨૦૬, શીવ રેસીડેન્સી, જનકપુરી,
છાણી, ડુમાડ રોડ, વડોદરા.
મુળ રહે. ટીમ્બી ગામ, સગરીયાવાસ,
તા.ટીમ્બી,જી.હનુમાનગઢ, રાજસ્થાન.
૯. દિલીપભાઈ ભારતસીંગ રાઠોડ

૧૦. સંજય ઉર્ફે સમીર ભારતસીંહ રાઠોડ
નં.૯–૧૦ બંને રહે.ઝાંખરીયા, સરવરનગર,
તા.જિ. આણંદ.
૧૧. દિપક ઉર્ફે રમેશભાઈ ચંદુલાલ કાપડીયા
રહે.એ/૨૩૫, ધનલક્ષ્મી કૉમ્પ્લેક્ષ,
માંજલપુર, વડોદરા.
મુળ રહે.આસોદરા, તા.ડભોઈ, જિ.વડોદરા.
૧૨. વિજય ઉર્ફે મુન્નો ગણપતભાઈ ગોહીલ
રહે.૧૩, સ્વામી સોસાયટી, ભાયલી રેલ્વે સ્ટેશન,
બીલગામ, તા.જિ. વડોદરા.
૧૩. રાજુ ઉર્ફે મેક્સી ભીખાભાઈ પરમાર
રહે.નાવલી, તા.જિ.આણંદ.

**ફરિયાદપક્ષે વિ. પી.પી. શ્રી એન.પી. મહીડા.**
**આરોપી નં.૧ તરફે વિ. વકીલ શ્રી વી.આર.ભટ્ટ.**
**આરોપીનં.૨ થી ૪ તથા ૯–૧૦ તરફે વિ. વકીલ શ્રી સી.કે.પટેલ.**
**આરોપીનં.૫–૬ તથા ૮ અને ૧૧ થી ૧૩ તરફે વિ. વકીલ શ્રી એ.એમ.શેખ.**

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૯–૦૧–૨૦૧૮ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૯–૦૧–૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | : | ૦૮–૧૧–૨૦૨૪ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૦૯ | ૧૦ |

**સેશન્સ કેસ નં.૨/૨૦૧૮ ના પક્ષકારોઃ**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રૂ દ્ધ**

**આરોપીઓઃ** ૧. અમરસીંગ કેશરીસીંગ રાઠોડ
રહે.એ/૨૭, શ્રીજી ટેનામેન્ટ, ગોરવા, વડોદરા શહેર.
મુળ રહે.ગામ ચોબીસ પીબીએન,તા.સુરતગઢ,
જિ. નુમાનગઢ, રાજસ્થાન.
૨. શકીલ ઉર્ફે સંજય ફતેસિંહ રાઠોડ
૩. બસીરખાન ફતેસિંહ રાઠોડ
નં.૨–૩ બંને રહે.નાપાડ વાંટા, સુલતાનપુરા,
તા.જિ. આણંદ.

**ફરિયાદપક્ષે વિ. પી.પી. શ્રી એ.એસ.જાડેજા.**
**આરોપી નં.૧ તરફે વિ. વકીલશ્રી વી.આર. ભટ્ટ.**
**આરોપી નં.૨–૩ તરફે વિ.વકીલશ્રી વી.એસ. ડાભી.**

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૬–૦૫–૨૦૧૮ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૬–૦૫–૨૦૧૮ | | |
| ફેંસલ તારીખ | : | ૦૮–૧૧–૨૦૨૪ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૦૫ | ૨૩ |

**સેશન્સ કેસ નં.૫૨/૨૦૧૮ ના પક્ષકારોઃ**

**ફરિયાદીઃ** સરકારશ્રી

**વિ રૂ દ્ધ**

**આરોપીઃ** રણજીતસીંગ ભીખુસીંગ ચૌહાણ
રહે.મુળ ગામઃ સેવાડા, તિલકવાડા,નર્મદા.
હાલ રહે.સી–૨૦, સત્યમ સોસાયટી, કરોડીયા,
દ્વારકેશ સોસાયટીની બાજુમાં, વડોદરા,
તા.જિ. વડોદરા.

**ફરિયાદપક્ષે વિ. પી.પી. શ્રી એન.પી. મહીડા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી વી.એસ. ડાભી.**

**તહોમતઃ** ઈ.પી.કો. કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૩, ૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબ.

## ॥ સંયુક્ત ચુકાદો ॥

(૧) આ કામના આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૩–૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ

પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબના ગુનાનું તહોમત છે.

(૨) સેશન્સ કેસ નં.૨/૨૦૧૮ તથા સેશન્સ કેસ નં.૫૨/૨૦૧૮ બંને કેસો તે મુખ્ય સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના પુરવણી ચાર્જશીટ અન્વયેના એક જ ગુનાના કેસો હોઈ ત્રણેય કેસોનો સંયુકત ચુકાદો આપવામાં આવેલ છે.

(૩) બનાવની ફરિયાદ શશીકાન્ત ઘનશ્યામભાઈ શર્માએ આર.એલ. સેલ, અમદાવાદના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેકટર રૂબરૂ તા.૧૨–૫–૨૦૧૭ ના રોજ નોંધાવેલ છે જે સદર કામે આંકઃ ૧૦૬ થી રજૂ છે જેની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લી. બરોડા ખાતે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ એન્જીનિયર પશ્ચિમ ક્ષેત્ર પાઈપ લાઈન કોયલી વડોદરા ખાતે દસ મહિનાથી નોકરી કરે છે અને વડોદરાથી અમદાવાદ સુધીની એસ.એમ.વી.એલ. (સલાયાથી મથુરા) સુધીની પાઈપ લાઈનનું સુપરવિઝન તેઓની અંદર આવે છે. તા.૧૨–૫–૨૦૧૭ ના રોજ કલાક ૧૮–૪૫ વાગ્યે ફરિયાદીના ચીફ સેક્રેટરી શીવચરણ રસાયલીનો ફોન આવેલ કે તેઓને પોલીસ દ્વારા જાણવા મળેલ છે કે, આણંદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં સલાયા– મથુરા પાઈપ લાઈનમાં કોઈ વ્યક્તિએ પંચર કરેલ છે, જેથી ફરિયાદીએ સદર વિસ્તારમાં સુપરવિઝન કરતા તેઓના ગાર્ડ યશવંતસિંહ રાઠોળને ફોન કરતાં જાણવા મળેલ કે મેઘવા ગામની સંજય કનુભાઈ પટેલના ખેતરમાંથી પાઈપ લાઈન જાય છે જેથી ફરિયાદી તેઓની ટીમ સાથે સદર જગ્યાએ ગયેલા અને ત્યાં ફરિયાદ લેનાર સાથે હાજર પંચ કિરણ પ્રહલાદભાઈ પરમાર તથા હિતેન્દ્રસિંહ બળવંતસિંહ તેમજ પોલીસના માણસો હાજર હોઈ તેમજ સ્થળ ઉપર હાજર મળેલ ઈસમો (૧) બળવંત સદાશિવ રાઠોળ, (૨) નિલેશ ભારતસીંગ રાઠોળ, (૩) સલીમખાન અહેમદખાન ઉર્ફે પ્રવિણસીંગ રાઠોળ તથા (૪) મુસાભાઈ મીયાસાબ કાજી હાજર હતા જે બાબતે પંચોની રૂબરૂ ફરિયાદ લેનારે સદર ચાર ઈસમોની ઓળખ કરી જણાવેલ કે, બાતમી મુજબ સદર જગ્યા ઉપર આઈ.ઓ.સી. ની પાઈપ લાઈનમાં પંચર (હોલ)

કરી છેલ્લા ઘણા સમયથી ક્રૂડ ઓઈલની ચોરી કરે છે તથા આજરોજ પણ આ કામ કરવાના ઈરાદે અહીં આવેલ હોઈ ફરિયાદ લેનારે તેઓને પકડેલ છે જે બાબતે ફરિયાદીને જણાવતાં ફરિયાદી તથા તેમની ટીમ સાથે સદર જગ્યાનું નિરીક્ષણ કરતાં સદર ખેતરમાંથી પસાર થતી આઈ.ઓ.સી. પાઈપ લાઈનને ચાર ફૂટ ઉંડી હોઈ જે જોતાં તેની ઉપર હેન્ડલ વાલ્વ ફીટ કરેલ છે, જે વાલ્વ તેઓની કંપનીએ ફીટ કરેલ નથી. આ વાલ્વનો ઉપયોગ પાઈપ લાઈનમાં કાંણું પાડી ક્રૂડ ઓઈલની ચોરી કરવા માટે થાય છે. આ વાલ્વની આસપાસની માટીમાં ક્રૂડ ઓઈલની વાસ આવે છે અને પકડાયેલ ઈસમોને વિશ્વાસમાં લઈ પૂછતાં પંચો રૂબરૂ જણાવેલ છે કે, આ સિવાય અન્ય બે જગ્યાએ આ જ રીતે તેઓએ ઓઈલ પાઈપ લાઈનમાં કાણું પાડી વાલ્વ ફીટ કરેલા છે. સદર ચાર ઈસમોને પૂછતાં બીજા ત્રણ ઈસમ સકીલ ઉર્ફે સંજય ફતેસીંગ, (૨) બસીર ફતેસીંગ અને (૩) સંજય ભરતસીંગ રાઠોળ પણ આ વાલ્વ ફીટ કરવામાં તેમજ આ પ્રવૃત્તિમાં તેઓની સાથે ભાગીદારીમાં છે અને જે કાંઈ ફાયદો થાય તે તેઓ સરખા ભાગે વહેંચી દે છે જેથી સદર તમામ સાતેય ઈસમો તથા તપાસ દરમ્યાન જણાઈ આવે તે તમામ સામે ધોરણસર થવા ફરિયાદ છે તેવી હકીકત જાહેર કરતાં પોલીસ સબ ઈન્સ્પેકટરે તે ફરિયાદ નોંધી લીધેલી અને તે અનુસંધાને આણંદ રૂરલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટ્રેશન નં.૬૭/૨૦૧૭ ઈ.પી. કોડની કલમ- ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ- ૩-૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ- ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ- ૧૫ (૨)(૪) મુજબનો ગુનો નોંધાયેલો.

(૪) ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ સંભાળી લાગતા વળગતા શાહેદોના નિવેદનો નોંધી, પંચનામા વિગેરે તપાસની જરૂરી કાર્યવાહી કરી તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા સૌ પ્રથમ સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ માં દર્શાવ્યા મુજબના ૧૩ આરોપીઓ વિરૂદ્ધ આણંદના વિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની અદાલતમાં ઈ.પી.

કોડની કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૩–૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબનું ચાર્જશીટ રજૂ કરેલું અને જે ચાર્જશીટમાં અન્ય આઠ આરોપીઓને નાસતા ફરતા દર્શાવેલા જે ચાર્જશીટ અન્વયેનો ક્રિમિનલ કેસ નં.૩૪૦૫/૨૦૧૭ થી તા.૫–૮–૨૦૧૭ ના રોજ નોંધાયેલો. સદર આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આણંદના વિ. ચોથા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૨૦–૯–૨૦૧૭ ના રોજ હુકમ કરીને સદર કેસ અત્રેની સેશન્સ અદાલત તરફ કમિટ કરેલો અને જે સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ થી નોંધાયેલ.

ત્યારબાદ નાસતા ફરતા આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ મળી આવતાં તેઓની સામે આણંદના વિ.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી અદાલતમાં પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલું જે ચાર્જશીટ અન્વયેનો ક્રિમિનલ કેસ નં.૫૫૩૪/૨૦૧૭ થી તા.૨૮–૧૧–૨૦૧૭ ના રોજ નોંધાયેલો. સદર આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આણંદના વિ. ચોથા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી એ તારીખઃ ૨૩–૧૨–૨૦૧૭ ના રોજ હુકમ કરીને સદર કેસ અત્રેની સેશન્સ અદાલત તરફ કમિટ કરેલો અને જે સેશન્સ કેસ નં.૨/૨૦૧૮ થી નોંધાયેલ.

ત્યારબાદ નાસતા ફરતા આરોપી રણજીતસીંગ ભીખુસીંગ ચૌહાણ મળી આવતાં તેઓની સામે આણંદના વિ.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી અદાલતમાં પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલું જે ચાર્જશીટ અન્વયેનો ક્રિમિનલ કેસ નં.૯૬૮/૨૦૧૮ થી તા.૨૨–૨–૨૦૧૮ ના રોજ નોંધાયેલો. સદર આક્ષેપિત ગુનો સેશન્સ ટ્રાયેબલ હોવાથી આણંદના વિ. ચોથા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી એ તારીખઃ ૨૭–૩–૨૦૧૮ ના રોજ હુકમ કરીને સદર કેસ અત્રેની સેશન્સ અદાલત તરફ કમિટ કરેલો અને જે સેશન્સ કેસ નં.૫૨/૨૦૧૮ થી નોંધાયેલ.

(૫) ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ ત્રણેય કેસોના આરોપીઓને તેમની વિરૂદ્ધના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી, સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે તા.૩૦–૧૧–૨૦૧૮ ના રોજ આંકઃ ૨૩ થી, સેશન્સ કેસ નં.૨/૨૦૧૮ ના કામે તા.૧૩–૭–૨૦૧૮ ના રોજ આંકઃ ૩ થી તથા સેશન્સ કેસ નં.૫૨/૨૦૧૮ ના કામે તારીખઃ ૧૬–૨–૨૦૧૯ ના રોજ આંકઃ ૭ થી ઈ.પી. કોડની કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ– ૩–૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબના તહોમતનામા ફરમાવી, સદર તહોમતનામા આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓના નિવેદનો નોંધતાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરીને કેસ ગુણદોષ આધારે આગળ ચલાવવા માટે રજૂઆત કરતાં સદર ત્રણેય કેસોનો ગુણદોષ ઉપર નિકાલ કરવા માટે અત્રેની સેશન્સ અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે ફરિયાદપક્ષે સરકારી વકીલશ્રી જે.એસ. ગઢવીએ આંકઃ ૮૯ થી પુરસીસ આપી સેશન્સ કેસ નં.૨/૧૮ તથા ૫૨/૧૮ પણ એક જ ગુનાના પુરવણી ચાર્જશીટ અન્વયેના કેસો છે, સદર કામનો પુરાવો તથા શાહેદો એકસરખા હોઈ જેથી તેનો પુરાવો સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે લેવામાં આવે તો ફરિયાદપક્ષ તેમજ આરોપીપક્ષની સગવડતા સચવાય તેમ હોઈ ત્રણેય કેસો ભેગા કરી તેનો પુરાવો સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે લેવા અરજ કરેલ જે અરજી મંજૂર રાખવામાં આવેલ છે અને સદર ત્રણેય કેસોનો સંયુક્ત પુરાવો સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે નોંધવામાં આવેલ છે.

(૭) સદર ત્રણેય કામના આરોપીઓ જામીન ઉપર હોઈ તેમના વકીલ મારફતે હાજર રહેલા છે અને તેઓની હાજરીમાં ઈન્સાફી કાર્યવાહી હાથ ધરાયેલી છે.

(૮) ફરિયાદપક્ષ દ્વારા પોતાના કેસના સમર્થનમાં સદર ત્રણેય કેસોનો સંયુક્ત પુરાવો સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના કામે રજૂ કરેલ છે જે અન્વયે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

## –:: મૌખિક પુરાવો ::–

| શાહેદ નંબર | શાહેદનું નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | શશીકાન્ત ઘનશ્યામભાઈ શર્મા | ફરિયાદી | ૧૦૫ |
| ૨ | અનિલભાઈ ફીલીપભાઈ ક્રિશ્ચિયન | પંચ શાહેદ | ૧૦૮ |
| ૩ | કિરણભાઈ પ્રહલાદભાઈ પરમાર | પંચ શાહેદ | ૧૧૪ |
| ૪ | હર્ષદભાઈ ઈશ્વરભાઈ | પંચ શાહેદ | ૧૨૦ |
| ૫ | અમરસિંહ રમેશભાઈ | પંચ શાહેદ | ૧૨૨ |
| ૬ | લક્ષ્મણસિંહ શનાભાઈ છાસટીયા | પંચ શાહેદ | ૧૨૫ |
| ૭ | અલ્પેશભાઈ ફીલીપભાઈ રાઠોડ | પંચ શાહેદ | ૧૩૭ |
| ૮ | ભીખાભાઈ સોમાભાઈ શર્મા | પંચ શાહેદ | ૧૩૯ |
| ૯ | દિનેશભાઈ અર્જુનભાઈ વાદી | પંચ શાહેદ | ૧૪૦ |
| ૧૦ | પ્રકાશભાઈ મહીજીભાઈ ઠાકોર | પંચ શાહેદ | ૧૪૨ |
| ૧૧ | સંજયકુમાર કનુભાઈ પટેલ | શાહેદ | ૧૬૨ |
| ૧૨ | મયંકભાઈ લાલભાઈ સારંગ | સ્થાનિક FSL અધિકારી | ૧૭૩ |
| ૧૩ | અરવિંદભાઈ કુલાભાઈ પરમાર | પંચ શાહેદ | ૧૭૫ |
| ૧૪ | રઘુભાઈ નવઘણભાઈ ભરવાડ | પંચ શાહેદ | ૧૮૦ |
| ૧૫ | સામંતભાઈ જાગાભાઈ ભરવાડ | પંચ શાહેદ | ૧૮૨ |
| ૧૬ | ફરીદખાન અભેસિંહ રાઠોડ | પંચ શાહેદ | ૧૮૩ |
| ૧૭ | સમસુદ્દીન ગલાબસીંગ રાઠોડ | પંચ શાહેદ | ૧૮૫ |
| ૧૮ | સીરાજભાઈ જશુભા રાઠોડ | પંચ શાહેદ | ૧૮૬ |
| ૧૯ | નિતેશભાઈ અમૃતભાઈ દેસાઈ | શાહેદ | ૨૨૪ |
| ૨૦ | અશોકભાઈ રાવજીભાઈ સોઢા | અ.હે.કો.તપાસ કરનાર અધિકારી | ૨૩૦ |
| ૨૧ | મણીલાલ ખુશાલભાઈ શ્રીમાળી | ASI– તપાસ કરનાર અધિકારી | ૨૪૨ |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| (૧) | ફરિયાદ | ૧૦૬ |
| (૨) | આરોપી બળવંતસિંગ સરદારસીંગ રાઠોડે શોધી બતાવેલ ગુનાવાળી જગ્યાનું પુરાવાના કાયદાની કલમ- ૨૭ મુજબનું પંચનામું | ૧૦૯ |
| (૩) | બાતમી આધારે ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧૫ |
| (૪) | મુદ્દામાલ વાલ્વ તથા માટી કબજે કર્યાનું પંચનામું | ૧૨૧ |
| (૫) | આરોપી સુખદેવસિંહ ઉર્ફે પપ્પુ જોગીન્દરસિંહનું અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૧૨૬ |
| (૬) | આરોપી સુખદેવસિંહ ઉર્ફે પપ્પુ જોગીન્દરસિંહનું અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ | ૧૩૮ |
| (૭) | આરોપી દિપક ઉર્ફે રમેશભાઈ ચંદુલાલ અને આરોપી વિજય ઉર્ફે મુન્નો ગણપતભાઈની શરીરસ્થિતી તથા અટક કર્યાનું પંચનામુ | ૧૪૧ |
| (૮) | આરોપી રાજુ ઉર્ફે મેકસી ભીખાભાઈની શરીરસ્થિતીનું પંચનામુ | ૧૪૩ |
| (૯) | ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવાની યાદી | ૧૫૧ |
| (૧૦) | ગુનાવાળી જગ્યાનો નકશો | ૧૫૨ |
| (૧૧) | એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૭૪ |
| (૧૨) | શાહેદ સિદ્ધાર્થકુમારે રજુ કરેલ ટેન્કરનું પંચનામું | ૧૭૬ |
| (૧૩) | આરોપી અમરસિંહ કેશરીસિંહે શોધી બતાવેલ ગુનાવાળી જગ્યા તથા કબજે કરેલ મુદ્દામાલનું પુરાવાના કાયદાની કલમ- ૨૭ મુજબનું પંચનામું | ૧૮૧ |
| (૧૪) | આરોપી બસીરખાન ફતેસીંગ રાઠોડની અટક કર્યાનું પંચનામું | ૧૮૪ |
| (૧૫) | ગુનો દાખલ કરવા પી.એસ.ઓ.એ કરેલ યાદી | ૨૨૫ |
| (૧૬) | મુદ્દામાલ રવાનગી નોંધ | ૨૩૧ |
| (૧૭) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યાની પાવતી | ૨૩૨ |
| (૧૮) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૨૩૩ |
| (૧૯) | એફ.એસ.એલ. નો રિપોર્ટ | ૨૩૪ |
| (૨૦) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૨૩૫ |
| (૨૧) | એફ.એસ.એલ. નો રિપોર્ટ | ૨૩૬ |

(૯) ઉપરોક્ત સાક્ષીઓનો પુરાવો રજૂ થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી તરફથી આંકઃ ૧૫૧ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે.

(૧૦) સદર કામે સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના આરોપી નં.૭ જગદીશભાઈ મંગળભાઈ પટેલ તા.૧૨-૧૧-૨૦૨૩ ના રોજ ગુજરી ગયાની જાહેર થયેલ છે અને આરોપી તરફેના વિ. વકીલશ્રીની આંકઃ ૨૯૯ ની પુરસીસ સાથે તેઓનો મરણનો દાખલો રજૂ થયેલ છે અને સદર આરોપી નં.૭ એબેટ થયેલા હોઈ તેઓ પુરતી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ નથી.

(૧૧) ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૩૧૩ મુજબ વિશેષ જવાબ નોંધવામાં આવેલો જેમાં સદર તમામ આરોપીઓએ ફરિયાદપક્ષના તેમની વિરૂદ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના શાહેદ તપાસવા નથી તેમ જણાવેલું છે અને વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેઓની સામે ખોટા પુરાવા ઉભા કરી ખોટું ચાર્જશીટ કર્યાનું જણાવેલ છે.

(૧૨) આ કામે તમામ કામે ફરિયાદપક્ષે વિ.પી.પી.શ્રી એન.પી. મહીડાને સાંભળ્યા તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧ તરફે વિ. વકીલશ્રી વી.આર.ભટ્ટ, આરોપી નં.૨ થી ૪ તથા ૯, ૧૦ તરફે વિ. વકીલશ્રી સી.કે. પટેલ તથા આરોપી નં.૫-૬ તથા ૮ અને ૧૧ થી ૧૩ તરફે વિ. વકીલશ્રી એ.એમ. શેખને તેમજ સેશન્સ કેસ નં.૨/૧૮ ના કામે આરોપી નં.૧ તરફે વિ. વકીલશ્રી વી.એસ. ડાભી તથા આરોપી નં.૨ -૩ તરફે વિ. વકીલશ્રી વી.આર. ભટ્ટને તેમજ સેશન્સ કેસ નં.૫૨/૧૮ ના આરોપી તરફે વિ. વકીલશ્રી વી.એસ. ડાભીને સાંભળ્યા.

(૧૩) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં સદરહુ કેસના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, હાલના ત્રણેય કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં તા.૧૨-૫-૨૦૧૭ થી દોઢ વર્ષ પહેલા આણંદ જિલ્લાના નાવલી ગામ ખાતે પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી મેઘવા ગામની સીમ સર્વે નં.૭૯૬ વાળી જમીનમાંથી પસાર થતી આઈ.ઓ.સી.ની સલાયા- મથુરા મુખ્ય પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી કરવાનું નક્કી કરી પાઈપ લાઈન ઉપર ખોદકામ કરી પંચર કરી વાલ્વ ફીટ કરેલ જે પંચર પ્રેશર ઓછું હોવાના કારણે બંધ કરી દીધેલ અને

ત્યારબાદ ફરીથી આરોપીઓએ સાથે મળી એકબીજાના મેળાપીપણામાં ફેબ્રુઆરી ૨૦૧૭ માં સદર મેઘવા ગામની સીમમાં અગાઉ કરેલ પંચરવાળી જગ્યાએ આઈ.ઓ.સી.ની સલાયા–મથુરા પાઈપ લાઈનમાંથી પેટ્રોલિયમ પેદાશની ચોરી કરી ટેન્કરમાં લઈ જઈ તેમજ આરોપી નં.૧ થી ૪ રેઈડ દરમ્યાન સ્થળ ઉપર ઓઈલ ચોરી કરવામાં ઉપયોગમાં લેવાતા કુટવાલ્વ ટાઈપની પાઈપ સાથે લોખંડની પ્લેટ કપ્લીંગ ફીટ કરેલ તે તેમજ એક લોખંડનું નટબોલ્ટ ફીટ કરવા માટેનું પાનું જે બંનેની કીંમત રૂ.૧૦૫૦/– વિગેરે સાધનો સાથે પકડાઈ જઈ, ક્રુડ ઓઈલ ચોરીનું હોવાનું જાણવા છતાં તેમાં મદદગારી કરી, વેચાણ કરી, રીસીવ કરી તેમજ સગેવગે કરી આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં રાત્રીના સમયે મેઘવા ગામની સીમમાં પસાર થતી આઈ.ઓ.સી. ની પાઈપ લાઈનમાંથી ક્રુડ ઓઈલ લીટર ૩૮,૦૦૦ કીંમત રૂ.૭૬,૦૦,૦૦૦/– નું ચોરી કરી પોતાના આર્થિક ફાયદા સારું રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરી તેમજ આજુબાજુમાં રહેતા માણસોની જીંદગી તથા જાનમાલ જોખમમાં મુકાય તેમ જાણવા છતાં બેદરકારીભર્યું આચરણ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટની કલમ– ૩–૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૧૪) આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન, ફરિયાદપક્ષે વિ.પી.પી.શ્રીએ કરેલી દલીલોના સંદર્ભે કરતાં, ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નિચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

## –: નિર્ણયના કારણો :–

**મુદ્દા નં.૧:**

(૧૫) આ કામના આરોપીઓ વિરૂદ્ધ એવું તહોમત ફરમાવવામાં આવેલ છે કે, તમામ આરોપીઓએ સાથે મળી તા.૧૨–૫–૨૦૧૭ થી દોઢ વર્ષ પહેલા આણંદ જિલ્લાના નાવલી ગામ ખાતે પેટ્રોલિયમ પેદાશની ચોરી કરવા માટે પૂર્વઆયોજિત ગુનાહિત કાવતરું રચી મેઘવા ગામની સીમ સર્વે નં.૭૯૬

વાળી જમીનમાંથી પસાર થતી આઈ.ઓ.સી. ની સલાયા– મથુરા મુખ્ય પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી કરવાનું નક્કી કરી એકબીજાની મદદગારીથી પાઈપલાઈન ઉપર ખોદકામ કરી પંચર કરી વાલ્વ ફીટ કરેલ જે પંચર બરાબર થયેલ ન હોવાથી અને પ્રેશર ઓછું આવવાના કારણે પંચર બંધ કરી દીધેલ. ત્યારબાદ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧ થી ૪ અને ૧૦,૧૨, ૧૩ તથા આરોપી અમરસિંહ, રણજીતસિંહ, બસીર ફતેસિંહ, શકીલ ઉર્ફે સંજય તથા અનિલ ગોસ્વામીએ મળી આણંદ જિલ્લાના ઝાંખરીયા ગામની સીમમાં સર્વે નં.૧૩૪/૧ તથા મોગરી ગામની સીમના સર્વે નં.૭૧૨/૨ માંથી પસાર થતી ઓ.એન.જી.સી. ની પાઈપલાઈન ઉપર ખોદકામ કરી પંચર કરેલ અને તે જગ્યા ઉપર ઓ.એન.જી.સી.ની નવી પાઈપ લાઈનનું કામ ચાલુ થતાં અને ત્યાં કંપનીનો કેમ્પ લાગી જતાં તેમજ ખેતરોમાં વાવેતર થી જતાં પંચરવાળી જગ્યા સુધી વાહન જઈ શકે તેમ ન હોઈ આ બંને જગ્યાઓ ઉપર આરોપીઓ ઓઈલ ચોરી કરી શકેલ નહી જેથી આરોપીઓએ ફેબ્રુઆરી ૨૦૧૭ ના માસમાં ફરીથી સાથે મળી મેઘવા ગામની સીમમાં અગાઉ કરેલ પંચરવાળી જગ્યા સલાયા–મથુરા પાઈપ લાઈનમાંથી પેટ્રોલીયમ પેદાશની ચોરી કરવાનું નક્કી કરેલ અને સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૩,૪,૯,૧૦ તથા ૧૩ એ ઓઈ.ઓ.સી. ની પાઈપ લાઈન ઉપર પાંચેક ફૂટ ઉંડો ખાડો કરી આજુબાજુમાં પોલીસ તથા સ્થાનિક માણસોની દેખરેખ રાખી તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧–૨ તથા ૬ એ એક ટેન્કર ભરવા માટે રૂ.૮૦,૦૦૦/– લેવાનું નક્કી કરી ગુનાવાળી જગ્યાએ હાજર રહી દેખરેખ રાખી પૈસાનો વહીવટ કરી સ્થાનિક સપોર્ટ પુરો પાડેલ તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૫ એ આરોપી નં.૧–૨ ને ઓઈલ ચોરી કરવા માટે હા પાડેલ તેમજ આરોપી નં.૧૧ તથા આરોપી રણજીતસિંહે પેટ્રોલીંગ કરતી ઈન્ડીકા ગાડીને રાત્રીના સમયે પોતાના ઘરે મુકાવી તેઓને રહેવાની સગવડ કરી આપી તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૭ એ પોતાની માલીકીના ખેતરમાં વાહનો લાવવા લઈ જવા માટે તેમજ પાર્ક કરવા માટે

સંમતિ આપી ટેન્કર દીઠ રૂ.૫૦૦૦/– લેખે નક્કી કરી ઓઈલ ચોરી થતી હોવાનું જાણવા છતાં પોતાના લાભ સારુ પૈસા લઈ ઓઈલ ચોરી કરવામાં મદદગારી કરેલ તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૮ એ આરોપી અમરસીંગની સુચના મુજબ પોતાની માલીકીના ટેન્કર નં.જી.જે.૨ એ.ટી. ૪૭૧૭ સાથે ગુનાવાળી જગ્યાએ હાજર રહી રાત્રીના સમયે ટેન્કરમાં ક્રુડ ઓઈલ ભરી આરોપી બાપુ નામના માણસને પહોંચાડેલ અને સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧૧ એ આરોપી નં.૧ ની મુલાકાત આરોપી અમરસીંગ સાથે તેના દ્વારા લાવવામાં આવેલ ભાડાની ઈન્ડીકા વિસ્ટા ગાડી ઉપર ડ્રાઈવીંગ કરી વડોદરાથી આરોપીઓને ગુનાવાળી જગ્યાએ લાવી ઉતારી સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૩ ને આસોદર ચોકડી ટેન્કર ઉપર ટેન્કર ડ્રાઈવરને જગ્યા બતાવવા માટે ઉતારી રાત્રીના સમયે ઈન્ડીકા ગાડીથી ગુનાવાળી જગ્યાની આજુબાજુ પેટ્રોલીંગ કરી દેખરેખ રાખી કમીશન મેળવેલ તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧૨ એ શાહેદ મીનાબેનની માલીકીની બોલેલો પીકઅપ ગાડી નં.જી.જી.૬ એ.વી. ૪૬૬૦ માં આરોપી અમરસીંગની સુચના મુજબ વડોદરાથી પંચર કરવાના સાધનો ગુનાવાળી જગ્યાએ પહોંચાડી તેની સુચના મુજબ પાઈપ લાઈન ઉપર પંચર કરવામાં મદદગારી કરી તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧૩ એ આરોપી નં.૧ સાથે ઓઈલ ચોરી કરવા માટે સમંત થઈ આરોપી નં.૧૧ તથા આરોપી અમરસીંગ તેમજ સહઆરોપીઓ સાથે નાવલી ખાતે ગુનાહિત કાવતરું રચવામાં હાજર રહી ઓઈલ ચોરીવાળી જગ્યા જોઈ પાઈપ લાઈન ઉપર ખોદકામ કરી તેમજ આજુબાજુમાં દેખરેખ રાખી ગુનાવાળી જગ્યાએ હાજર રહી મદદગારી કરેલ તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૧ થી ૪ એ રેઈડ દરમ્યાન સ્થળ ઉપર ઓઈલ ચોરી કરવામાં ઉપયોગમાં લેવાતા કુટવાલ્વ ટાઈપની પાઈપ સાથે લોખંડની પ્લેટ કપ્લીંગ ફીટ કરેલ તે તેમજ એક લોખંડનું નટ બોલ્ટ ફીટ કરવા માટેનું પાનું જે બંનેની કીંમત રૂ.૧૦૫૦/– વિગેરે સાધનો સાથે પકડાઈ ગયેલ તેમજ આરોપી અમરસીંગે

સહઆરોપીઓ સાથે નાવલી ગામે મળી સમગ્ર કાવતરુ રચી પંચર કરવાના સાધનો લાવી પાઈપ લાઈન ઉપર વાલ્વ ફીટ કરી સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૮ ને ટેન્કરમાં ક્રુડ ઓઈલ ભરાવી આરોપી બાપુ નામના વ્યક્તિને વેચાણ કરી તેમજ સેશન્સ કેસ નં.૧૫૦/૧૭ ના આરોપી નં.૨ એ ઈન્ડીકા ગાડી સાથે ગુનાવાળી જગ્યાએ જઈ પેટ્રોલીંગ કરી કાવતરામાં હાજર રહી તથા આરોપી નં.૩ એ ગુનાવાળી જગ્યા પસંદ કરી આરોપી નં.૪ સાથે પાઈપ લાઈન ઉપર ખોદકામ કરી દેખરેખ રાખી તેમજ આરોપી નં.૫–૬ એ આરોપી અમરસીંગ સાથે ગુનાવાળી જગ્યાએ હાજર રહી તેની સુચના મુજબ વડોદરાથી આવી આરોપી નં.૧ ની સુચના મુજબ કામ કરી તેમજ આરોપી નં.૭ એ ચોરી કરવામાં આવેલ ક્રુડ ઓઈલ ચોરીનું હોવાનું જાણવા છતાં રીસીવ કરી પોતાના ડ્રાઈવર આરોપી નં.૮ મારફતે સગેવગે કરેલ અને તેમ કરી આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં રાત્રીના સમયે મેઘવા ગામની સીમમાં પસાર થતી આઈ.ઓ.સી. ની પાઈપ લાઈનમાંથી ક્રુડ ઓઈલ લીટર ૩૮,૦૦૦ કીંમત રૂ.૭૬,૦૦,૦૦૦/– નું ચોરી કરી પોતાના આર્થિક ફાયદા સારું રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરી તેમજ આજુબાજુમાં રહેતા માણસોની જીંદગી તથા જાનમાલ જોખમમાં મુકાય તેમ જાણવા છતાં બેદરકારીભર્યું આચરણ કરી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ– ૩૭૯, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ – ૩–૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ– ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ– ૧૫ (૨)(૪) મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યા સબબનું તહોમત છે.

(૧૬) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં કુલ ૨૧ શાહેદોને તપાસેલા છે તે પૈકી શાહેદ નં.૧ આંકઃ ૧૦૫ થી ફરિયાદી આઈ.ઓ.સી. કંપનીના ઓપરેશન અને મેઈન્ટેનન્સ એન્જીનિયર શશીકાન્ત ઘનશ્યામભાઈ શર્માને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૧૨–૫–૨૦૧૭ ના રોજ સાંજે પોણા સાત વાગ્યાની આસપાસ

તેઓના ચીફ સીક્યોરીટી ઓફિસર શીવચરણરસાયલી રીટાર્યડ ડી.વાય.એસ.પી. નો તેમના પર ફોન આવેલો અને જણાવેલું કે, આપણી પાઈપ લાઈનમાં મેઘવા ગામના એસ.એમ.પી.એલ. ચેનએજ ૧૯૯.૭૦૦ કે.એમ. પર પંચર થયેલું છે જેથી તેઓએ તેમના સીક્યોરીટી ઓફિસર સાવંતભાઈ અને સીક્યોરીટી ગાર્ડ યશવંતભાઈને ફોન કરીને જણાવેલું કે, તમે જગ્યાએ પહોંચો તેઓ પણ તે જગ્યાએ આવે છે. તેઓએ શીવચરણ રસાયલીને તમને કેવી રીતે માહિતી મળેલી તેવું પૂછતાં તેઓએ આર.આર. સેલ પોલીસે તેમને માહિતી આપેલાનું જણાવેલું. તેઓ જ્યારે જગ્યા ઉપર પહોંચ્યા અને જોયેલ તો ત્યાં એક ખાડો ખોદેલો હતો અને પોલીસે ચાર આરોપીઓને પકડેલા હતા અને ત્યાં બે પંચના માણસો કિરણ પરમાર અને હિતેન્દ્ર મકવાણા પણ હાજર હતા અને આ જગ્યાવાળી જમીન જગદીશભાઈની માલીકીની હતી. તેઓએ જોયેલ તો તેઓની પાઈપ લાઈન ઉપર હેન્ડલ ઓપરેટેડ વાલ લગાવેલો હતો આજુબાજુમાં જે માટી હતી તે ક્રૂડ ઓઈલવાળી થઈ ગયેલ હતી. પોલીસે જે ચાર આરોપીઓને પકડેલા હતા તેમાં તમો એક મુસામીયા, સલીમખાન, બળવંત રાઠોડ અને નિલેષ રાઠોડ હતા જે ચારેય આરોપીઓની પૂછપરછ કરતાં તેઓએ બીજા ત્રણ વ્યક્તિઓ પણ આમાં સામેલ હોવાનું જણાવેલું. આ ઓઈલ ચોરીની ફરિયાદ તેઓએ સ્થળ પર જ આર.આર. સેલને આપેલી જે ફરિયાદ આંકઃ ૧૦૬ થી રજૂ રાખેલ છે. ચોરી માટે જે હેન્ડ વાલ્વ લગાવેલો હતો તે પોલીસ તેમની સાથે લઈ ગયેલી. તેઓએ ઉપર જણાવેલ ચારેય ઈસમોને ફરિયાદ આપી તે વખતે જોયેલ હોય અને તેને ઘણો સમય થઈ ગયેલ હોય હાલ તેમને ઓળખી શકે નહીં.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સદર શાહેદે એવું સ્વીકારેલ છે કે, શીવચરણનો ફોન આવેલ અને જે હકીકત જણાવેલ તે બાબતે તેઓએ તેમની કચેરીમાં કોઈ લેખિત નોંધ કરેલ નહીં. બનાવવાળો વિસ્તાર સીકયોરીટી ગાર્ડ યશવંતસિંહના કાર્યક્ષેત્રમાં આવતો હતો. તેઓ સ્થળ પર પહોંચ્યા તે પહેલા સીકયોરીટી ગાર્ડ યશવંતસિંહ ત્યાં પહોંચી ગયેલા. સ્થળ

પર ગયા પછી જે કંઈ બનાવ બનેલ તે અંગેની હકીકત પોલીસે તેમને જણાવેલી અને ચાર વ્યકિતઓના નામ પણ પોલીસે બતાવેલા. શાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપરી અધિકારીને ફોન પર બનાવની જાણ કરેલી અને તેઓએ ફરિયાદ આપવા જણાવેલું. ફરિયાદમાં શું નુકશાન થયેલ છે અને કેટલી રકમનું નુકશાન થયેલ છે તેની વિગત જણાવેલ નથી. એવું પણ સ્વીકારેલ છે કે, તા.૧૨/૫/૧૭ ના રોજ પોલીસનો ફોન આવ્યો તે પહેલા સ્થળ પર કોઈ બનાવ બનેલ હોય તેવી તેઓ પાસે કોઈ જાણકારી આવેલી નહી. પોલીસનો ફોન આવ્યા પછી તેમને તથા તેમના અધિકારી શીવચરણ સીંહને બનાવ અંગે જાણકારી થયેલી. ફોન આવ્યા પછી તેઓ લગભગ બે કલાક પછી સ્થળ પર પહોંચેલા અને તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે પબ્લીક અને પોલીસ ત્યાં હાજર હતી. શાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપર જણાવ્યા મુજબના ચાર આરોપીઓ પણ હાજર હતા. સ્થળ પર ગયા પછી તેમને તથા પોલીસને વાતચીત થયેલી. બનાવ કઈ રીતે બનેલ તેની વિગત પોલીસે તેમને તથા તેમના સાહેબને જણાવેલી. પોલીસે બનાવ વિશે સમજાવ્યા પછી બીજા દિવસે તેઓ પોલીસ સ્ટેશને ગયેલા. જે દિવસે તેઓ સ્થળ પર પહોંચેલા ત્યારે લગભગ આખી રાત ત્યાં રોકાયેલા. જે દિવસે પોલીસે તેઓને બનાવ વિશે જાણ કરેલી તે દિવસે તેઓ પોલીસ સ્ટેશને ગયેલા નહીં. સીકયોરીટી ગાર્ડનું મુખ્ય કામ ચાલીને પેટ્રોલીંગ કરવાનું હોય છે. પેટ્રોલીંગમાં જે તે ગાર્ડને આઠ કલાકની ડયુટી ફાળવવામાં આવે છે જે શીફ્ટ મુજબ અલગ અલગ હોય છે. ડયુટી પ્રમાણે જે તે સીકયોરીટી ગાર્ડ સતત ચાલીને પેટ્રોલીંગ કરતા હોય છે. જે તે લાઈનની દેખરેખ રાખવાની જવાબદારી આ પેટ્રોલીંગ કરનારની હોય છે. બનાવ બન્યો તેના પહેલા પણ ગાર્ડ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવતું હતું અને તે ચાલુ હતું. આ બનાવની જાણ જ્યારે પોલીસ દ્વારા તેઓના અધિકારીને કરવામાં આવેલ તે પહેલા બનાવવાળા સ્થળે પાઈપ લાઈનમાં છેડછાડ કરવામાં આવેલ હોય કે પંચર કરવામાં આવેલ હોય તે બાબતે સીકયોરીટી ગાર્ડે તેમને કે તેમની કચેરીને કોઈ જાણ કરેલ નહીં. પાઈપ લાઈન બ્રેકઅપ

થવાના ઘણા કારણો હોય છે. લાઈનમાં લીકેજ થાય તો ઓઈલના પ્રેશરના કારણે ઓઈલ ઉંચે સુધી ઉડે છે. શાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લાઈન જમીનની નીચે હોવાથી લીકેજ જમીનમાં સમાઈ જાય છે અને બહાર આવતું નથી. તેમને ગુજરાતી લખતા આવડતું નથી. ફરિયાદ પોલીસના હસ્તાક્ષરમા છે. એવું પણ સ્વીકારેલ છે કે, તેઓએ જે ફરિયાદ આપી તેમાં જમીન માલીક જગદીશભાઈનું નામ લખાવેલ નથી.

આમ સદર શાહેદના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં તેઓએ બનાવને નજરે જોયેલ નથી. પોલીસે તેમને જણાવેલ હકીકતો જણાવે છે. આંકઃ ૧૦૬ ની ફરિયાદ મુજબ, તેમના ઉપરી અધિકારી શીવચરણને પોલીસે બનાવની જાણ કરેલી છે તેમજ સદર શાહેદના પુરાવા મુજબ, તેઓની પાઈપ લાઈનની દેખરેખ માટે સીક્યોરીટી ગાર્ડ રાખવામાં આવે છે, ગાર્ડ ચાલીને પેટ્રોલિંગ કરે છે, શીફ્ટ મુજબ આઠ– આઠ કલાકની ડ્યુટી હોય છે અને આ પાઈપ લાઈનની દેખરેખ રાખવાની જવાબદારી સીક્યોરીટી ગાર્ડની હોય છે. ફરિયાદપક્ષના કેસ મુજબ ચાર ફૂટ ઉંડી પાઈપ માટે ઉંડો ખાડો ખોદી પાઈપમાં પંચર કરી વાલ્વ બેસાડવામાં આવેલ હોય અને તે દ્વારા ઓઈલની ચોરી કરતા હોય, જે ઓઈલ ટેન્કરમાં ભરી લઈ જતા હોય તેમજ જો પાઈપમાં પંચર પાડવામાં આવે કે લીકેજ થાય તો પ્રેશરના કારણે ઓઈલ ઉંચે સુધી ઉડે તેમજ તેના કારણે ઓઈલની વાસ આવે તેમ છતાં આવા કોઈ સીક્યોરીટી ગાર્ડને આવા બનાવની જાણ ન થાય કે આવા ગાર્ડ ફરિયાદી કે તેમની કચેરીએ આવા બનાવની કોઈ જાણ ન કરે અને પોલીસને બનાવની જાણ થાય અને પોલીસ દ્વારા ફરિયાદીના ઉપરી અધિકારીને જાણ કરવામાં આવે અને તેઓ ફરિયાદીને જણાવે ત્યારે જ ફરિયાદીને જાણ થાય, સદર તમામ હકીકતો ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવનારી છે.

સદર કામે ફરિયાદીને બનાવની જાણ કરનાર ચીફ સીક્યોરીટી ઓફિસર શીવચરણને તપાસેલા નથી કે ફરિયાદીના પુરાવા મુજબ તેઓને જાણ થતાં તેઓએ તેમના સીક્યોરીટી ઓફિસર સાવંતભાઈ અને

સીક્યોરીટી ગાર્ડ યશવંતસિંહ કે જેઓના કાર્યક્ષેત્રમાં બનાવવાળું સ્થળ આવતું હતું તેઓને ફોન કરી સ્થળ ઉપર જવા જણાવેલ છે અને ફરિયાદી પહેલા સીક્યોરીટી ગાર્ડ યશવંતસિંહ સ્થળ ઉપર પહોંચેલા છે સદર ત્રણેય મહત્વના શાહેદોને ફરિયાદપક્ષે તપાસેલા નથી.

ફરિયાદીના પુરાવા મુજબ બનાવ સ્થળે તેઓ ગયા ત્યારે મુસાભાઈ, સલીમખાન, બળવંત રાઠોડ અને નિલેષ રાઠોડ એમ ચાર આરોપીઓ હતા, પરંતુ કોર્ટ રૂબરૂ તેઓ આરોપીઓને ઓળખી બતાવતા નથી તેમજ ફરિયાદી તેઓને જાણ થયા બાદ બે કલાક પછી સ્થળ ઉપર ગયેલા છે ત્યારે ત્યાં પોલીસ અને પબ્લિક હાજર છે. પોલીસે તેઓને આ ચાર આરોપીઓના નામ આપેલા અને બનાવ કઈ રીતે બનેલ તેની વિગત પોલીસે તેઓને તથા તેમના ઉપરી અધિકારીને જણાવેલી તેવો પણ પુરાવો આપેલ છે, ફરિયાદીને બનાવની કોઈ જાતમાહિતી નથી અને આમ સદર તમામ હકીકતોને ધ્યાને લેતાં પણ ફરિયાદપક્ષના કેસ મુજબ હાલના આરોપીઓએ જ ઓઈલ ચોરી માટે ખાડો ખોદેલ હોય કે પાઈપમાં વાલ્વ ફીટ કરી ઓઈલ ચોરી કરેલ હોય કે ફરિયાદીના જણાવ્યા મુજબના ચાર ઈસમો બનાવ સ્થળે હાજર હોય કે આરોપીઓએ ઓઈલ ચોરી માટે ગુનાહિત કાવતરું રચેલ હોય તેવી કોઈ હકીકત સદર ફરિયાદીના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતી નથી.

ફરિયાદીની આંકઃ ૧૦૬ થી રજૂ ફરિયાદ તથા ફરિયાદીનો આંકઃ ૧૦૫ થી રજૂ સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ તેમની ઓઈલની પાઈપ લાઈનમાં હેન્ડલ ઓપરેટેડ વાલ્વ લગાવેલ હતો તેવું જણાવેલ છે, પરંતુ તે પાઈપ લાઈનમાંથી ઓઈલની કોઈ ચોરી થયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ શું નુકસાન થયેલ છે અને કેટલી રકમનું નુકસાન થયેલ છે તેની વિગત ફરિયાદમાં જણાવેલ નથી તેવું પણ ખૂદ ફરિયાદી કબુલ રાખે છે અને આમ ખૂદ ફરિયાદીની ફરિયાદ તથા પુરાવામાંથી તેઓની પાઈપ લાઈનમાંથી બનાવના દિવસે કે તે અગાઉ કોઈ

ઈસમ ઓઈલની ચોરી કરી ઓઈલ લઈ ગયેલ હોય તેવી હકીકતને પણ નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૧૭) ફરિયાદપક્ષે શાહેદ નં.૧૯, આંકઃ ૨૨૪ થી બાતમી આધારે રેડ કરનાર અને ફરિયાદ નોંધનાર આર.આર. સેલ અમદાવાદના નિતેશભાઈ અમૃતભાઈ દેસાઈને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમાં ફરિયાદ તથા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે અને બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓએ જે ગુનાની તપાસ કરી તે ગુનાના કામે સરકારી ગાડીની લોગબુક ચાર્જશીટના કાગળોનો ભાગ બનાવેલ નથી. તા.૧૨/૦૫/૨૦૧૭ ના રોજ તેમને બાતમી કેટલા વાગે મળેલ તેનો સમય જાહેર થયેલો નહી. મળેલ બાતમી કોગ્નીજીબલ ગુના અંગેની હતી. બાતમીને કોઈ પણ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવેલ નહીં. જો સરકારી કર્મચારીને પંચમાં રાખવાના હોય તો દરેક કિસ્સામાં પંચના ઉપરી અધિકારીને ચાદી કરી લેખિત હુકમ મેળવવો જરૂરી હોય છે. તેઓ સ્થળ ઉપર પહોંચ્યા અને પંચોને બોલાવવા માટે મોકલેલા તે વચ્ચે અંદાજે અડધા કલાકનો સમય લાગેલો. આઈ.ઓ.સી. ની લાઈનમાં ભંગાણ થાય છે તેવું તેમને સ્થળ ઉપર પહોંચ્યાના અડધો કલાક પહેલા જાણમાં આવેલું. આઈ.ઓ.સી. અને ઓ.એન.જી.સી. ની પાઈપ લાઈનો જ્યાંથી પસાર થાય છે ત્યાં પેટ્રોલીંગ થતું હોય છે અને ત્યાં સિક્યુરીટીના માણસો પણ હોય છે. જ્યારે પંચોને બોલાવ્યા તે વખતે ઓઈલ કંપનીના અધિકારીઓને પણ બોલાવી શકત. સ્થળ ઉપર ગયા બાદ ફરિયાદીઓને બોલાવવામાં આવેલા. આંક-૧૧૫ વાળા પંચનામામાં ગુનાવાળી જગ્યાએ કોઈ ખાડો હોય તેવું જોવા મળેલ તેવો ઉલ્લેખ કરેલ નથી. પાઈપ લાઈન ચાર ફુટ નીચે મુકવામાં આવેલી હતી. તા.૧૩/૦૫/૨૦૧૭ ના રોજ બનાવવાળી જગ્યાએ વાલ્વ કાઢવા માટે જે.સી.બી. ઓપરેટર દ્વારા ખોદકામ કરવામાં આવેલ અને ત્યારબાદ આઈ.ઓ.સી. ની લાઈનમાં ફીટ કરેલ હેન્ડલ વાલ્વ બહાર કાઢવામાં આવેલ તેવી હકીકત જાહેર થયેલી. શાહેદ સંજય પટેલનું ખેતર રોડથી

ત્રણથી ચાર ખેતર અંદર હશે. બાતમીદારની બાતમીમાં ઝાંખળીયા–મેઘવા સીમમાં ઓઈલ ચોરી થાય છે તેવું જાણવા મળેલું. બાતમીદાર તેઓની સાથે સ્થળ ઉપર આવેલો નહી. ગુનાવાળી જગ્યાએ કોઈ ટાયરના નિશાન અથવા તો પીપળા અથવા બેરલ મળી આવેલા નહીં. આક્ષેપિત આરોપી પાસેના સભાન કબજામાંથી તેમને કોઈ ગુનાહિત ચીજ વસ્તુઓ મળી આવેલી નહીં. આક્ષેપિત મુદ્દામાલ ગુનાવાળી જગ્યાએ પડેલો હતો. કલમ– ૨૭ ના પંચનામામાં પ્રાથમિક ભાગમાં આરોપીની સહી લેવામાં આવેલ નથી. ઓ.એન.જી.સી. તથા આઈ.ઓ.સી.માંથી કોઈ સેમ્પલ વાલ્વ મેળવી આ કામમાં સામેલ રાખેલ નથી. એવું પણ સ્વીકારેલ છે કે, જે ત્રણેય ગુના રજીસ્ટર્ડ થયેલા તે ગુનાઓના ગુનાવાળી જગ્યાના પંચનામા થઈ ગયેલા હતા. જે ટેન્કર કબજે કરવામાં આવેલ તે ખાલી ટેન્કર હતી. આ કબજે કરેલ ટેન્કર વડોદરા ગ્રામ્ય પોલીસે ડુમાડ ગામેથી કબજે કરેલ અને આણંદ રૂરલ પો.સ્ટે.ને સોંપેલું અને ત્યાંથી આ ગુનાના કામે કબજે લેવામાં આવેલ. તપાસ દરમિયાન આરોપીઓએ કેટલા રૂપિયાનું ઓઈલ ચોરી કરીને ઓઈલ કંપનીને કેટલું નુકશાન કરેલ છે તે અંગેની કોઈ વિગત દર્શાવેલ નથી. તેઓએ તપાસ કરી ત્યાં સુધી ઓઈલ કંપનીના અધિકારીઓએ ઓઈલ ચોરીથી થયેલ નુકશાનનો ડેટા તપાસના કામે આપેલ નહીં. કોઈ પણ પંચનામુ કરવામાં આવે તો તેમા ગુના રજીસ્ટર નંબર લખવો જરૂરી છે. ગુનાવાળી જગ્યાવાળું સંજયભાઈ પટેલના ખેતરની બાજુમાં ઘણા બધાના ખેતરો આવેલા છે. તેઓની તપાસ દરમિયાન તેઓએ આજુબાજુના ખેતરના માલિકોના નિવેદનો લીધેલા નથી. તેમને જ્યારે બાતમી મળેલ ત્યારે તેઓ આણંદ હતા. બાતમી મળ્યા બાદ તરત જ પંચોના માણસોને બોલાવેલા. પોલીસ સ્ટાફના માણસોને પંચોને બોલાવવા માટે મોકલેલા પરંતુ હાલ તે પોલીસના માણસનું નામ યાદ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામુ કર્યા બાદ બીજા દિવસે ફરિયાદ નોંધવામાં આવેલી. તેઓએ જે દિવસે બાતમીવાળા સ્થળે પંચનામુ કર્યું તે દિવસે એફ.એસ.એલ. ના કોઈ અધિકારીને સ્થળ ઉપર બોલાવેલા નહીં.

(૧૮) આમ સદર શાહેદના પુરાવાને ફરિયાદી તથા અન્ય શાહેદોના પુરાવા સાથે મૂલવણી કરવામાં આવે તો, બાતમી આધારે બનાવવાળી જગ્યા મેઘવા ગામની સીમમાં સંજય કનુભાઈ પટેલના ખેતરમાં તેઓ ગયેલા તેવું જણાવે છે, પરંતુ બાતમીમાં ઝાખળીયા– મેઘવા સીમમાં ઓઈલ ચોરી થાય છે તેવું જાણવા મળેલું તેવું તેમજ બાતમીદાર તેઓની સાથે સ્થળ ઉપર આવેલા નહીં તેવું સ્વીકારે છે. આમ સદર હકીકતોને ધ્યાને લેતાં સદર શાહેદ નિતેશભાઈ મેઘવા ગામની સીમમાં સંજય કનુભાઈ પટેલના ખેતરમાં કે જે રોડથી ત્રણથી ચાર ખેતર અંદર હતું તે સ્થળે કેવી રીતે પહોંચ્યા તે હકીકત પણ સ્પષ્ટ થતી નથી અને તે બાબત ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૧૯) સદર શાહેદ નં.૧૯ નિતેશભાઈ દેસાઈએ તેમના સરતપાસના પુરાવામાં પાઈપ લાઈન જમીનથી ચાર ફુટ નીચે મુકવામાં આવેલી હતી અને તે પાઈપ લાઈનમાં વાલ્વ ફીટ કરેલાનું જણાવેલ છે, પરંતુ તે માટે ખાડો ખોદેલ હોય તેવું જણાવતા નથી તેમજ ઉલટ તપાસમાં પણ એવું સ્વીકારે છે કે, આંક–૧૧૫ વાળા પંચનામામાં ગુનાવાળી જગ્યાએ કોઈ ખાડો હોય તેવું જોવા મળેલ તેવો ઉલ્લેખ કરેલ નથી તેમજ તારીખઃ ૧૩–૫–૨૦૧૭ ના રોજ બનાવવાળી જગ્યાએ વાલ્વ કાઢવા માટે જે.સી.બી. ઓપરેટર દ્વારા ખોદકામ કરવામાં આવેલું અને ત્યારબાદ આઈ.ઓ.સી.ની લાઈનમાં ફીટ કરેલ હેન્ડલ વાલ્વ બહાર કાઢવામાં આવેલ તેવી હકીકત જાહેર થયાનું કબુલ રાખેલ છે તેમજ ફરિયાદીએ તેમના સરતપાસના પુરાવામાં સ્થળ ઉપર એક ખાડો ખોદેલ હતો તેવું જણાવેલ છે, પરંતુ તેમની આંકઃ ૧૦૬ ની ફરિયાદમાં આવો કોઈ ખાડો ખોદેલ હોય તેવું જણાવતા નથી. જ્યારે સદર હકીકત બાબતે સદર કામે આંકઃ ૧૧૫ થી રજૂ બાતમી આધારે સ્થળ સ્થિતી અને મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદ નં.૩, આંકઃ ૧૧૪ કિરણભાઈ પ્રહલાદભાઈ પરમારે તેમના સરતપાસના પુરાવામાં ખેતરમાં ચારેક ફૂટ ખાડો કરીને આઈ.ઓ.સી.એલ. ની ઓઈલ પાઈપમાં પંચર પાડીને વાલ્વ લગાવેલ હતો તેવું જણાવેલ છે,

તેઓ રૂબરૂના આંકઃ ૧૧૫ ના પંચનામામાં આવા કોઈ ખાડાનો ઉલ્લેખ નથી. આમ રેકર્ડ ઉપરના સદર પુરાવાને ધ્યાને લેતાં રેડ વખતે ખાડો ખોદેલ હોય અને વાલ્વ બેસાડેલ હોય તેવી મહત્વની હકીકત બાબતે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે જે ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવે છે.

(૨૦) ફરિયાદપક્ષે આરોપીઓ સામે આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી કરતા હોવાનો આક્ષેપ છે, પરંતુ સદર શાહેદ નં.૧૯ નિતેશભાઈ દેસાઈ તથા પંચ શાહેદ નં.૩ કિરણભાઈના પુરાવા મુજબ, તેઓ સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે ચાર આરોપીઓ ત્યાં બેઠેલા હતા, પરંતુ રેડ કરનાર અધિકારી શાહેદ નં.૧૯, ફરિયાદી, પંચ શાહેદ કે અન્ય કોઈ શાહેદોએ આરોપીઓ ત્યાં ઓઈલની ચોરી કરી રહ્યા હોય તેવો કોઈ પુરાવો આપેલ નથી. રેડ કરનાર અધિકારીને નિતેશભાઈએ સ્થળ ઉપરથી આક્ષેપિત આરોપીઓ પાસેના સભાન કબજામાંથી કોઈ ગુનાહિત ચીજ–વસ્તુઓ મળી આવેલ નથી અને આક્ષેપિત મુદ્દામાલ ગુનાવાળી જગ્યાએ પડેલો હતો તેમજ ગુનાવાળી જગ્યાએ કોઈ ટાયરના નિશાન અથવા તો પીપળા અથવા બેરલ મળી આવેલા નથી તેમજ તપાસ દરમ્યાન તેઓએ આરોપીઓએ કેટલા રૂપિયાનું ઓઈલ ચોરી કરીને ઓઈલ કંપનીને કેટલું નુકસાન કરેલ તે અંગેની કોઈ વિગત દર્શાવેલ નથી કે તેઓએ તપાસ કરી ત્યાં સુધી ઓઈલ કંપનીના અધિકારીઓએ ઓઈલ ચોરીથી થયેલ નુકસાનનો ડેટા તપાસના કામે આપેલ નહીં તેવું સ્વીકારેલ છે તેમજ શાહેદ નં.૩ પંચ કિરણભાઈએ પણ સ્થળ ઉપર ટ્રક, પીપડા, બેરેલ વિગેરે સાધન ન હતા તેવું સ્વીકારેલ છે તેમજ ખૂદ ફરિયાદી શાહેદ નં.૧ શશીકાન્ત શર્માએ તેમના પુરાવામાં માત્ર તેમની પાઈપ લાઈનમાં વાલ્વ લગાડેલ હતો તેવું જણાવેલ છે, પરંતુ તેમાંથી કોઈ ઓઈલની ચોરી થઈ હોય તેવું જણાવતા નથી કે તે સંબંધે શું નુકસાન થયેલ કે કેટલી રકમનું અને કેટલું ઓઈલ ચોરી થયેલ તે બાબતે પણ લેશમાત્ર હકીકત જણાવતા નથી અને તેમની આંકઃ ૧૦૬ થી રજૂ ફરિયાદમાં માત્ર પાઈપને તોડી તેમજ ઓઈલના

પરીવહનને નુકસાન કરવાની કોશિશ કરેલાનો આક્ષેપ કરેલ છે, પરંતુ પોલીસે પકડેલ આરોપીઓ કે અન્ય કોઈ આરોપીઓ ઓઈલની ચોરી કરી લઈ ગયેલ હોય તેવું જણાવતા નથી.

વળી જે મુદ્દામાલ સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ છે તે બાબતે પણ શાહેદ નં.૧૯ નિતેશભાઈ દેસાઈ તથા પંચ શાહેદ નં.૩ કિરણભાઈના પુરાવામાં વિરોધાભાસ આવેલ છે. પંચ શાહેદ નં.૩ કિરણભાઈના પુરાવા મુજબ ફરિયાદી સ્થળ ઉપર આવ્યા બાદ તેમની કંપનીનો વાલ્વ નથી તેવું જણાવેલ ત્યારબાદ વાલ્વ ખોલાવડાવેલ અને વાલ્વ, પાઈપ અને પાનું કબજે કર્યાનું જણાવેલ છે તેમજ આંકઃ ૧૧૫ ના પંચનામામાં પણ તેવી હકીકત જણાવેલ છે જે પંચનામું તા.૧૨-૫-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે તેમજ સદર પંચ શાહેદે ઉલટ તપાસમાં એવો પુરાવો આપેલ છે કે, તેઓ નિકળ્યા ત્યાં સુધી પોલીસે વાલ્વ અને પાનુ કંતાનમાં મુકીને રાખેલ હતું જ્યારે આ સંબંધે રેડ કરનાર શાહેદ નં.૧૯ નિતેશભાઈએ ઉલટ તપાસના પુરાવામાં તા.૧૩-૫-૨૦૧૭ ના રોજ બનાવવાળી જગ્યાએ વાલ્વ કાઢવા માટે જે.સી.બી. ઓપરેટર દ્વારા ખોદકામ કરવામાં આવેલું અને ત્યારબાદ આઈ.ઓ.સી.ની લાઈનમાં ફીટ કરેલ હેન્ડલ વાલ્વ બહાર કાઢવામાં આવેલ તેવી હકીકત જાહેર થયાનું કબુલ રાખેલ છે. આમ પંચ શાહેદ તા.૧૨-૫-૨૦૧૭ ના રોજ સ્થળ ઉપરથી મુદ્દામાલ કબજે કર્યાનું જણાવે છે જ્યારે શાહેદ નં.૧૯ નિતેશભાઈ તા.૧૩-૫-૨-૧૭ ના રોજ જે.સી.બી. ઓપરેટર દ્વારા ખોદકામ કર્યા બાદ વાલ્વ વિગેરે મુદ્દામાલ કબજે કર્યાનો પુરાવો આપે છે અને આમ સદર હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૨૧) ફરિયાદી, મુદ્દામાલ કબજે કરનાર શાહેદ નં.૧૯ નિતેશભાઈ તેમજ પંચ શાહેદ નં.૩ કિરણભાઈના પુરાવાને ધ્યાને લેતાં બનાવ સ્થળ ઉપરથી જે મુદ્દામાલ કબજે કરેલ તે મુદ્દામાલ સ્થળ ઉપર પડેલ હતો ત્યાંથી કબજે કરેલ છે, પરંતુ સ્થળ ઉપર હાજર આરોપીઓ પૈકી કોઈની પાસેથી કબજે કરેલ હોય તેવું જણાવતા નથી તેમજ ઉલટ તપાસમાં પણ આક્ષેપિત

આરોપી પાસેના સભાન કબજામાંથી તેઓને કોઈ ગુનાહિત ચીજ વસ્તુઓ મળી આવેલી નહીં અને આક્ષેપિત મુદ્દામાલ ગુનાવાળી જગ્યાએ પડેલો હતો તેવું સ્વીકારેલ છે તેને ધ્યાને લેતાં તેમજ શાહેદ નં.૧૯ નિતેશભાઈ તથા પંચ શાહેદના પુરાવાને ધ્યાને લેતાં ચાર આરોપીઓ ત્યાં બેઠા હતા તેવો પુરાવો આપેલ છે, પરંતુ તેઓ આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલની ચોરી કરતા હોય કે તે સંબંધેની ગુનાહિત પ્રવૃત્તિ કરતા હોય તેવો કોઈ નિઃશંક પુરાવો ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૨) ફરિયાદી શાહેદ નં.૧ શશીકાન્ત શર્માના સોગંદ ઉપરના પુરાવા મુજબ, તેઓને બનાવની જાણ થતાં તેઓએ તેમના સીક્યોરીટી ઓફિસર સાવંતભાઈ અને સીક્યોરીટી ગાર્ડ યશવંતભાઈને ફોન કરીને બનાવવાળી જગ્યાએ પહોંચવા માટે જણાવેલ અને તેઓના ઉલટ તપાસના પુરાવા મુજબ બનાવવાળો વિસ્તાર સીક્યોરીટી ગાર્ડ યશવંતસિંહના કાર્યક્ષેત્રમાં આવતો હતો તેઓ ફરિયાદી સ્થળ ઉપર પહોંચ્યા તે પહેલા ત્યાં પહોંચી ગયેલા અને આમ સદર શાહેદ કે જેઓ સદર પાઈપ લાઈનની સીક્યુરીટી કરતા હતા અને બનાવ સ્થળે ફરિયાદી પહેલા ત્યાં પહોંચેલા હતા અને સદર શાહેદ તે રીતે મહત્વના શાહેદ છે તેઓને ફરિયાદપક્ષે તપાસેલા નથી જે હકીકત પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવનારી છે.

(૨૩) સદર શાહેદ નિતેશભાઈ દેસાઈના પુરાવા મુજબ બાતમી મળતાં તેઓ પંચોને લઈ સ્થળ ઉપર ગયેલા, પરંતુ ઓઈલ કંપનીના કોઈ અધિકારી–કર્મચારીને આ બાબતે જાણ કરેલ નથી અને સ્થળ ઉપર પહોંચ્યા બાદ જાણ કરેલ છે. ગુનાવાળી જગ્યાના આજુબાજુના ખેતરના માલીકોના નિવેદનો નોંધેલા નથી અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યા બાદ બીજા દિવસે ફરિયાદ નોંધ્યાનું જણાવે છે. જ્યારે ફરિયાદીએ સરતપાસમાં સ્થળ ઉપર જ ફરિયાદ આપ્યાનું જણાવેલ છે અને બનાવ તા.૧૨–૫–૨૦૧૭ ના રોજનો છે જ્યારે આંકઃ ૧૦૬ થી રજૂ ફરિયાદ પણ તા.૧૨–૫–૨૦૧૭ ના રોજની છે. ફરિયાદી સ્થળ ઉપર ગયા પછી જે કંઈ બનાવ બનેલ તે અંગેની હકીકત પોલીસે તેમને જણાવેલી તેમજ ચાર વ્યક્તિઓને પણ

પોલીસે બતાવેલા અને સદર બનાવ પહેલા તેઓને પાઈપમાં છેડછાડ, પંચર કે ઓઈલ ચોરી થતી હોવા બાબતની કોઈ જાણ તેઓને કે તેમની કચેરીને થયેલ નથી, ત્યારે પણ આરોપીઓએ સદર પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી કરેલ હોવાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી અને સદર તમામ હકીકતો પણ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપજાવનારી છે. આંકઃ ૧૧૫ થી રજૂ બાતમી આધારેના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ શાહેદ નં.૩ કિરણભાઈના પુરાવાને રેકર્ડ ઉપરના અન્ય પુરાવા સાથે મુલવણી કરતાં આંકઃ૧૧૫ ના પંચનામાની હકીકતો નિઃશંકપણે પુરવાર થતી નથી. ફરિયાદી તથા શાહેદ નં.૧૯ તથા પંચ શાહેદના પુરાવામાં મહત્વની બાબતોમાં વિરોધાભાસી હકીકતો આવેલ છે અને આમ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં ફરિયાદપક્ષના કેસ મુજબ પોલીસે સ્થળ ઉપરથી પકડેલ આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી ગુનાહિત કાવતરું રચી ફરિયાદીની કંપનીની ઓઈલની પાઈપ લાઈનમાં વાલ્વ બેસાડેલ હોય કે ઓઈલની ચોરી કરેલ હોય કે ચોરી કરતા પકડાયેલા હોય તેવી હકીકત ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૨૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૧૧, આંકઃ ૧૬૨ થી સંજયકુમાર કનુભાઈ પટેલને તપાસેલા છે તેઓ ફરિયાદપક્ષના કેસ મુજબની હકીકતને સમર્થન આપતા ન હોઈ ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હકીકતોનો સ્વીકાર કરે છે, પરંતુ કોઈ આરોપીઓને ઓળખી બતાવતા નથી તેમજ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં તા.૧૨-૫-૨૦૧૭ ના રોજ તેઓ તેમના ખેતરમાં ગયેલા હોય અને પોલીસ તથા અન્ય કોઈ આરોપી હાજર હોય તેવું તેઓએ જોયેલ નહીં, આઈ.ઓ.સી.ના કોઈ માણસે તેમને વાલ્વ બતાવેલ હોય તેવું બનેલ નહીં, પોલીસના માણસોએ કે આઈ.ઓ.સી.ના માણસોએ સ્થળ ઉપર જે ચાર વ્યક્તિઓ મળી આવેલા હોવાનું જણાવેલ તે ચાર વ્યક્તિઓની ઓળખ કરાવેલ હોય અને તે ચાર વ્યક્તિઓએ વાલ્વ ફીટ કરેલ હોય તેવી હકીકત તેમને જણાવેલ નહીં તેવું

સ્વીકારે છે અને આમ સદર શાહેદના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં તેઓના પુરાવાથી ફરિયાદપક્ષના કેસ મુજબની આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી.

(૨૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૧૨ આંકઃ ૧૭૩ થી સ્થાનિક એફ.એસ.એલ. અધિકારી મયંકભાઈ લાલભાઈ સારંગને તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાં વાલ્વ ફીટ કરેલ હતો અને પાઈપના નીચેના ભાગે માટીમાંથી ઓઈલની વાસ આવતી હતી જે માટી તથા નજીકમાંથી કંટ્રોલ માટી કબજે કરવા અને તે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે પરીક્ષણ માટે મોકલવા આઈ.ઓ.ને સુચન કરેલ અને તેઓએ સ્થળ પરિક્ષણ અહેવાલ આંકઃ ૧૭૪ થી રજૂ રાખેલ છે. બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે, વાલ્વનો ઉપયોગ પ્રવાહીનું પ્રેશર માપવા પણ થઈ શકે અને વાલ્વ કઈ કંપનીનો હતો, તેનું માપ વિગેરે કોઈ હકીકત તેઓએ તેમના અહેવાલમાં દર્શાવેલ નથી. તેઓ બનાવ સ્થળે ગયા ત્યારે ખાડો ખોદેલ હતો. આમ સદર શાહેદના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં તેઓ તા.૧૩–૫–૨૦૧૭ ના રોજ બનાવ સ્થળે ગયેલા છે અને માટી કબજે લઈ એફ.એસ.એલ. માં મોકલવા સુચન કરેલ છે, પરંતુ તેઓના પુરાવાથી હાલના આરોપીઓની સદર ગુનામાં સંડોવણી હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળતું નથી.

(૨૬) ફરિયાદપક્ષે આંકઃ ૧૦૯ થી આરોપી બળવંતસિંગ સરદારસીંગ રાઠોડે શોધી બતાવેલ ગુનાવાળી જગ્યાનું પુરાવાના કાયદાની કલમ– ૨૭ મુજબનું પંચનામું રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૨ આંકઃ ૧૦૮ થી અનિલભાઈ ફીલીપભાઈ ક્રિશ્ચિયનને તપાસેલા છે. ફરિયાદપક્ષે આંકઃ ૧૨૧ થી સ્થળ ઉપરથી મુદ્દામાલ વાલ્વ તથા માટી કબજે કર્યાનું પંચનામું રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૪ હર્ષદભાઈ ઈશ્વરભાઈને આંકઃ ૧૨૦ થી તથા સદર પંચનામાના બીજા પંચ શાહેદ નં.૫ અમરસિંહ રમેશભાઈને આંકઃ ૧૨૨ થી તપાસેલા છે. આંકઃ ૧૨૬ થી આરોપી સુખદેવસિંહ ઉર્ફે પપ્પુ જોગીન્દરસિંહનું અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ રજૂ છે અને

તેના પંચ શાહેદ નં.૬ લક્ષ્મણસિંહ શનાભાઈ છાસટીયાને આંકઃ ૧૨૫ થી તથા સદર પંચનામાના બીજા પંચ શાહેદ નં.૮ ભીખાભાઈ સોમાભાઈ શર્માને આંકઃ ૧૩૯ થી તપાસેલા છે. આંકઃ ૧૩૮ થી આરોપી સુખદેવસિંહ ઉર્ફે પપ્પુ જોગીન્દરસિંહનું અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૭ અલ્પેશભાઈ ફીલીપભાઈ રાઠોડને આંકઃ ૧૩૭ થી તપાસેલા છે. આંકઃ ૧૪૧ થી આરોપી દિપક ઉર્ફે રમેશભાઈ ચંદુલાલ અને આરોપી વિજય ઉર્ફે મુન્નો ગણપતભાઈની શરીરસ્થિતી તથા અટક કર્યાનું પંચનામુ રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૯ દિનેશભાઈ અર્જુનભાઈ વાદીને આંકઃ ૧૪૦ થી તપાસેલા છે. આંકઃ ૧૪૩ થી આરોપી રાજુ ઉર્ફે મેકસી ભીખાભાઈની શરીરસ્થિતીનું પંચનામુ રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૧૦ પ્રકાશભાઈ મહીજીભાઈ ઠાકોરને આંકઃ ૧૪૨ થી તપાસેલા છે. ફરિયાદપક્ષે આંકઃ ૧૭૬ થી શાહેદ સિદ્ધાર્થકુમારે રજુ કરેલ ટેન્કરનું પંચનામું રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૧૩ અરવિંદભાઈ કુલાભાઈ પરમારને આંકઃ ૧૭૫ થી તથા સદર પંચનામાના બીજા પંચ શાહેદ નં.૧૮ સીરાજભાઈ જશુભા રાઠોડને આંકઃ ૧૮૬ થી તપાસેલા છે. ફરિયાદપક્ષે આંકઃ ૧૮૧ થી આરોપી અમરસિંહ કેશરીસિંહે શોધી બતાવેલ ગુનાવાળી જગ્યા તથા કબજે કરેલ મુદ્દામાલનું પુરાવાના કાયદાની કલમ– ૨૭ મુજબનું પંચનામું રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૧૪ રઘુભાઈ નવઘણભાઈ ભરવાડને આંકઃ ૧૮૦ થી તથા સદર પંચનામાના બીજા પંચ શાહેદ નં.૧૫ સામંતભાઈ જાગાભાઈ ભરવાડને આંકઃ ૧૮૨ થી તપાસેલા છે. ફરિયાદપક્ષે આંકઃ ૧૮૪ થી આરોપી બસીરખાન ફતેસીંગ રાઠોડની અટક કર્યાનું પંચનામું રજૂ છે અને તેના પંચ શાહેદ નં.૧૬ ફરીદખાન અભેસિંહ રાઠોડને આંકઃ ૧૮૩ થી તપાસેલા છે તેમજ સદર પંચનામાના બીજા પંચ શાહેદ નં.૧૭ સમસુદ્દીન ગલાબસીંગ રાઠોડને આંકઃ ૧૮૫ થી તપાસેલા છે. સદર તમામ પંચ શાહેદો જે તે પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોઈ તેઓને ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને ત્યારબાદની સરકારી વકીલશ્રીની ઉલટ તપાસમાં પણ સદર શાહેદો

પૈકી કોઈએ જે તે પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપેલ નથી અને આમ ફરિયાદપક્ષે રજૂ પંચ શાહેદોના પુરાવાથી જે તે પંચનામાની હકીકતો પુરવાર થતી નથી અને પંચ શાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને આરોપીઓ વિરૂદ્ધના ગુનાની હકીકતને નિઃશંકપણે પુરવાર કરવામાં મદદરૂપ થતો નથી.

(૨૭) ફરિયાદપક્ષે શાહેદ નં.૨૦, આંકઃ ૨૩૦ થી તપાસ કરનાર અમલદાર અશોકભાઈ રાવજીભાઈ સોઢાને તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓએ આરોપી રણજીતસિંહને અંકલેશ્વર પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનાના કામે ધરપકડ થયેલી ત્યાંથી ટ્રાન્સફર વોરંટના આધારે અટક કરેલા અને કોર્ટમાં પુરવણી ચાર્જશીટ કરેલ અને આરોપી પાસેથી ટેન્કર કબજે કરેલું. બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સદર આરોપીનું એફ.આઈ.આર. માં કોઈ જગ્યાએ નામ જાહેર થયેલ નથી અને સહઆરોપીના નિવેદનના આધારે સદર આરોપીનું નામ ગુનામાં ખુલવા પામેલ છે. આમ સદર શાહેદના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં પણ આરોપી રણજીતસિંહની સદર ગુનામાં સંડોવણી નિઃશંકપણે પુરવાર થતી નથી.

(૨૮) ફરિયાદપક્ષે શાહેદ નં.૨૧, આંકઃ ૨૪૨ થી તપાસ કરનાર અમલદાર મણીલાલ ખુશાલભાઈ શ્રીમાળીને તપાસેલા છે. તેઓના પુરાવા મુજબ તેઓએ આરોપીઓ વિરૂદ્ધ માત્ર ચાર્જશીટ કરેલું તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૨૯) ફરિયાદપક્ષે શાહેદ નં.૧૯, આંકઃ ૨૨૪ થી તપાસેલા નિતેશભાઈ અમૃતભાઈ દેસાઈ કે જેઓએ બાતમી આધારે સ્થળ ઉપર રેડ કરેલી, ફરિયાદીની ફરિયાદ નોંધેલી તેમજ સદર ગુનાની તપાસ પણ તેઓએ કરેલી છે તેઓના સમગ્ર પુરાવાને ફરિયાદી તથા પંચ શાહેદના પુરાવા સાથે મૂલવણી કરતાં મહત્વની બાબતોમાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે તેમજ તેઓની કાર્યવાહીમાં મહત્વની ત્રૂટીઓ રહેલ છે અને તેઓના પુરાવાથી ફરિયાદપક્ષના કેસ તેમજ આરોપીઓ વિરૂદ્ધના તહોમત મુજબના ગુનાની કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. સ્વતંત્ર

શાહેદ સંજયભાઈ ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓના પુરાવાથી ફરિયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. આ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર શાહેદને તપાસેલા નથી સદર કામે તપાસેલા તમામ પંચ શાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓના પુરાવાથી જે તે પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. સદર કામે રીકવરી કે ડીસ્કવરીનો ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. રીકરવી તથા ડીસ્કવરીના પંચ શાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે. તદુપરાંત રીકવરી કે ડીસ્કવરીનો પુરાવો એ નબળો પુરાવો છે. માત્ર તેના ઉપર આધાર રાખી આરોપીઓને દોષિત ઠરાવી શકાય નહી. માત્ર આરોપીઓ પાસેથી કોઈ વસ્તુની ડીસ્કવરી કે રીકવરી થઈ હોય તે સ્વયંભુ આરોપીઓએ જ ગુનો કરેલો છે તેવું અનુમાન કરવા માટે પર્યાપ્ત નથી. સ્થળ ઉપરથી પકડાયેલ આરોપીઓ ગુનાહિત પ્રવૃત્તિ માટે ભેગા થયા હોય તેવી હકીકતને નિઃશંકપણે સમર્થન મળતું નથી તેમજ અન્ય આરોપીઓના નામ સહઆરોપીઓના નિવેદનોમાં જાહેર થયેલા છે તે આરોપીઓની સદર ગુનામાં સંડોવણી બાબતે અન્ય કોઈ નિઃશંક પુરાવો ફરિયાદપક્ષે રજૂ નથી. એફ.એસ.એલ. અધિકારી શાહેદ નં.૧૨ ના પુરાવાથી તેમજ એફ.એસ.એફ.ના અહેવાલ આંકઃ ૨૩૪ અને ૨૩૬ થી સ્થળ ઉપરથી કબજે કરેલ માટીમાં પેટ્રોલિયમ હાઈડ્રોકાર્બન્સ ઓઈલની હાજરી મળી આવેલ છે, પરંતુ તેટલા માત્રથી આરોપીઓની સદર ગુનામાં સંડોવણી હોવાની હકીકતને સમર્થન મળતું નથી. હાલના કામના આરોપીઓ પૈકી કોઈએ બનાવના દિવસે કે તે અગાઉ ફરિયાદપક્ષના કેસ મુજબ આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાં પંચર કરી વાલ્વ બેસાડેલ હોય કે ઓઈલની ચોરી કરી હોય કે તે માટે ગુનાહિત કાવતરું રચેલ હોય કે ગુનાહિત કૃત્ય કરતાં પકડાયેલા હોય કે આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી હોય કે આરોપીઓએ ગુનો કરવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ ભજવેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલા નથી. આરોપીઓ પાસેથી કોઈ ચોરીનું ઓઈલ મળી આવેલ નથી કે તેવો કોઈ મુદ્દામાલ સદર

કામે કબજે કરેલ નથી. મુદ્દામાલ સગેવગે કરેલ હોય તે અંગેનો કોઈ નિઃશંક પુરાવો રજૂ નથી. ફરિયાદ પક્ષના કેસ મુજબના વાહનો સદર ગુનામાં સંડોવાયેલ હોય તેવો પણ કોઈ નિઃશંક પુરાવો સદર કામે રજૂ થયેલ નથી. હાલના આરોપીઓએ જ આઈ.ઓ.સી.ની પાઈપ લાઈનમાંથી ફરિયાદપક્ષના કેસ મુજબનું ૩૮૦૦૦ લીટર ઓઈલ કીંમત રૂ.૭૬,૦૦,૦૦૦/– ની ચોરી કરી હોય તેવું નિઃશંકપણે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી. આમ રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાને ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધના તહોમત મુજબની ગુનાની કોઈ હકીકત નિઃશંકપણે પુરવાર કરી શકેલા નથી.

(૩૦) આમ, ઉપર વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ તરફથી હાલના આરોપીઓને સદર ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ નિઃશંક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેવો તટસ્થ અને હકારાત્મક પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ ના હોય ત્યારે આરોપીઓની ગુનાહિત ફોજદારી જવાબદારી નક્કી થઈ શકે નહીં. આમ ફરિયાદપક્ષ તરફથી પુરાવાની ક્રમબદ્ધ અને તમામ કડીઓ શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૩૧) ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીઓની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજિયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપીઓ સામેનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરિયાદપક્ષ ઉપર લાદવામાં આવેલો છે. એ સ્થાપિત સિદ્ધાંત છે કે, ફરિયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર બને છે તેવા સંજોગોમાં આરોપીઓ ફોજદારી ગુના માટે જવાબદાર હોવાનું માની શકાય નહીં જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકરામાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**॥ હુ ક મ ॥**

(૧) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ- ૨૩૫ (૧) મુજબ સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ ના આરોપી નં.૧ થી ૬ તથા ૮ થી ૧૩ તથા સેશન્સ કેસ નં.૨/૨૦૧૮ તથા ૫૨/૨૦૧૮ ના તમામ આરોપીઓને ઈ.પી. કોડની કલમ- ૩૭૯, ૫૧૧, ૪૨૭, ૨૮૫, ૧૨૦ (બી) તથા ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એકટની કલમ- ૩-૪ તથા પેટ્રોલિયમ એકટ ૧૯૩૪ ની કલમ- ૨૩ તથા પેટ્રોલિયમ એન્ડ મીનરલ પાઈપ લાઈન એકટ ૧૯૬૨ ની કલમ- ૧૫ (૨)(૪) મુજબનો સજાનેપાત્ર ગુનો કર્યાના તહોમત સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સેશન્સ કેસ નં.૧૫૦/૨૦૧૭ આરોપી નં.૭ જગદીશભાઈ મંગળભાઈ પટેલ ગુજરી જતાં એબેટ કરેલા હોઈ તેઓ વિરૂદ્ધ કોઈ હુકમ નથી.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની નવી સુધારેલી કલમ- ૪૩૭ (એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અપીલ સમય પુરો થયા બાદ આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ પાવતી આંકઃ ૨ માં દર્શાવેલ મુદ્દામાલ ટેન્કર- આયશર રજી. નં.જી.જે.૦૩ એ.ટી. ૪૭૧૭ અંગે અગાઉ તેના જે તે માલિકને પરત સોંપવાનો વચગાળાનો હુકમ થયેલ હોઈ તો તે કાયમ રાખવામાં આવે છે અને જો તેવો કોઈ હુકમ થયેલ ન હોય તો તેની માલીકીની ખરાઈ કરી જે તે વ્યક્તિને અપીલ સમય બાદ પરત કરવો તેમજ મુદ્દામાલ સેમસંગ કંપનીનો મોબાઈલ તેની માલીકીની ખરાઈ કરી જે તે વ્યક્તિને પરત કરવો તેમજ અન્ય મુદ્દામાલ ફૂટવાલ પાઈપ, લોખંડનું પાનું તથા લોખંડનો વાલ્વ હેન્ડલ તથા નટ બોલ્ટ સાથેનોનું હરાજીથી વેચાણ કરી તેની ઉપજેલ રકમ સરકાર ખાતે જમા કરાવવી તેમજ અન્ય બીનકીંમતી મુદ્દામાલનો નાશ કરવો અથવા જો અપીલ થયેલ હોય તો અપીલ અદાલત આ તમામ મુદ્દામાલ અંગે જે હુકમ કરે તે મુજબ તેનો નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખઃ ૦૮ માહેઃ નવેમ્બર સનેઃ ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ આણંદ.

તા. ૦૮-૧૧-૨૦૨૪

**(જગદીશકુમાર ડાહ્યાભાઈ સુથાર)**
સત્ર ન્યાયાધીશ
**આણંદ.**
(કોડ નં.જી.જે.૦૦૫૪૬)